# બ્લડ બેંકે ૪ હજાર બોટલ રકત દર્દીઓને પુરું પાડ્યુ



## થેલેસેમિયાના દર્દીઓને જોઈએ તેટલુ અને જોઈએ ત્યારે રકત આપવામાં આવે છે, બ્લડબેંક દ્વારા વર્ષ દરમિયાન ૨૬ થી વધુ રકતદાન કેમ્પ કરાય છે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આધુનિક બનતા દર્દીઓનો ભારે ધસારો રહે છે. સંકુલ નવિનીકરણ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાંચ માળની ઓપીડી અને ઈન્ડોર દર્દી રાખવા માટે આઠમાળની ઈમારત તૈયાર કરાઈ છે. ત્યારે દર્દીઓનો ધસારો પણ રહેવા પામે છે. જેને પગલે પહેલા વર્ષ દરમિયાન જેટલી રકતની બોટલ દર્દીઓને આપવામાં આવતી હતી તેની સંખ્યા અત્યારે હાલના સમયે ડબલ થઈ જવા પામી છે. વર્ષ-૨૦૧૬માં દર્દીઓને ૪ હજાર રકતની બોટલ આપવામાં આવી છે. જયારે ગાંધીનગર બ્લડબેંક દ્વારા ગાયનેક વિભાગ અને ઓપરેશન માટે બ્લડનો કવોટા રીઝર્વ જ હોય છે. ગાંધીનગર બ્લડ બેંક દ્વારા રકતની માંગને પહોંચી વળવા માટે વર્ષ દરમિયાન ૨૬ થી વધુ રકત કેમ્પ કરવામાં આવે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પહેલા વષ દરમિયાન ૨૦૦૦ જેટલી રકતની બોટલ દર્દીઓને આપવામાં આવતી હતી. ત્યારે હોસ્પિટલ નાની હોવાથી દર્દીઓનો ધસારો ઓછો રહેતો હતો. જયારે મેડીકલ કોલેજ બનતા હોસ્પિટલમાં દર્દીઓની રાખવાની કેપીસીટીમાં વધારો થવા પામ્યો છે. સિવિલમાં દર્દીઓના ધસારાને પગલે વર્ષ-૨૦૧૬ માં બ્લડબેંક દ્વારા ૪૦૦૦ રકતની બોટલ દર્દીઓને આપવામાં આવી છે. હોસ્પિટલમાં હાલના સમયે નવિનીકરણનું કામ ચાલી રહ્યું છે ત્યારે બ્લડબેંકને પણ જરૂરીયાત પ્રમાણે મોટી કરવામાં આવી છે. બ્લડબેંકના હેડ મનોજ પટેલે કહ્યુ હતું કે પહેલા કરતા હોસ્પિટલમાં બમણો વધારો થવા પામ્યો છે. ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારના દર્દીઓ પણ મોટી સંખ્યામાં આવે છે. જેથી પેથોલોજી વિભાગના કામનું ભારણ પણ વધી જવા પામ્યું છે. જયારે સૌથી વધુ નાગરીકો રકત એ તેમજ બી પોઝેટીવ લેવા માટે આવે છે. પરંતુ તે ગ્રુપનું રકત ઓછા પ્રમાણમાં મળે છે હોય ત્યાં સુધી દર્દીને આપવામાં આવે છે. જયારે થેલેસેમિયાના દર્દીઓને જોઈએ તેટલુ અને જોઈએ ત્યારે રકત આપવામાં આવે છે. જિલ્લામાંથી ૭ થેલેસેમિયાના દર્દીઓ રકત લેવા માટે આવે છે. જયારે ગાયનેક વિભાગ અને ઓપરેશન માટે ખાસ કવોટા રાખવામાં આવે છે. રકતદાન કેમ્પ યોજીને રકત એકત્ર કરવામાં આવે છે. જયારે રકતદાન માટે સતત શહેરની કેટલીક સેવાકીય સંસ્થા અને સેવાભાવી નાગરીકો પણ આ દિશામાં કામ કરી રહ્યા છે તે પણ અભિનંદનને પાત્ર છે.

## સે-૬ કલોલના ધારાસભ્યના બંગ્લામાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૨

શહેરમાં છેલ્લા ઘણા સમયથી તસ્કરો બેફામ બની ઉપરા ઉપરી ઘરફોડ ચોરીઓને અંજામ આપી રહ્યા છે. ત્યારે આજે તસ્કરોએ શહેરના સે-૬માં આવેલા કલોલના ધારાસભ્યના બંગ્લાને નિશાન બનાવ્યું હતું. પરંતુ તસ્કરો આ ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ મામલે સે-૭ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં શિયાળો શરૂ થતા તસ્કરો પણ એકટીવ મોડમાં આવી ગયા છે. છેલ્લા એક મહિનામાં તસ્કરોએ શહેરના અનેક ઠેકાણે ઘરફોડ ચોરીને અંજામ આપી લાખોની મત્તાની ચોરી કરી ગયા છે. પોલીસ વાયબ્રન્ટના બંદોબસ્તમાં વ્યસ્ત અને તસ્કરો બિન્દાસ બની એક પછી એક મકાન અને દુકાનને નિશાન બનાવી રહ્યા છે. તસ્કરોએ ગત રોજ રવિવારે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના ઘરમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તસ્કરો ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. તસ્કરોએ બપોરના સમયે મકાન બંધ જોઈ દરવાજાનો નકુચો તોડયો હતો પરંતુ મકાનના દરવાજામાં અંદરની તરફ ઈન્ટરલોક હોવાથી તસ્કરો ફાવ્યા ન હતા અને ખાલી હાથે પાછા ફરવાનો વારો આવ્યો હતો. આ ચોરી અંગે સાંજે રાજેન્દ્ર બળદેવજી ઠાકોરને જાણ થતા તેઓએ આ બાબતે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જે મામલે પોલીસે આગળની તપાસ આરંભી છે.

## ગાંધીનગર આંજણા(ચૌધરી) સેવા મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાયો




ગાંધીનગર, તા.૨

ગાંધીનગર આંજણા(ચૌધરી) સેવા મંડળ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, વર્ગ-૧ના અધિકારીઓ, ડાંકટર અને ખાસ એવોર્ડ વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં એક હજારથી વધુ વસવાટ કરતા ચૌધરી પરિવારોના શૈક્ષણિક અને સામાજીક સેવાકીય પ્રવૃત્તિઓ છેલ્લા ૪૦ વર્ષથી કરવામાં આવે છે. તેની વિસ્તૃત માહિતી ચૌધરી સેવા મંડળના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ એન. ચૌધરી અને મહામંત્રી શ્રી ઈશ્વરભાઈ ચૌધરીએ આપી હતી. છેલ્લા ઘણા વર્ષોથી ઉત્તર ગુજરાતના જિલ્લાઓના સમાજના વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગાંધીનગર ખાતે કોચીંગ કલાસની સેવાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત રાહતદરે નોટબુક-ચોપડા વિતરણ અને ગાંધીનગર ખાતે ઉનાળાની અસહ્ય ગરમીમાં પાટનગરના પક્ષીઓ માટે પાણી પરબનું વિતરણ કરવામાં આવે છે.

સ્નેહમિલન સમારોહમાં આરોગ્ય-પરિવાર કલ્યાણ રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરી, જળ સંચય નિગમના ચેરમેન શ્રી ગણેશભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી ચૌધરી સમાજના વિકાસ માટે ગાંધીનગર સેવા મંડળની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. મહાનુભાવોના હસ્તે વર્ગ-૧ના અધિકારીઓ, તેજસ્વી તારલાઓ અને ભોજનદાતા શ્રી જોઈતાભાઈ માધાભાઈ ચૌધરીનું સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધી શ્રી યશંવતભાઈ ચૌધરીએ કરી હતી. આ પ્રસંગે રસ્સા ખેંચ સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બહેનોને મેથીના લાડુ અને ઝભલાનું વિતરણ સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની મહિલા પાંખના કલ્પનાબેન ધોળુ, નીરલબા, સરિતાબેન, મનહરબા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા અને વોર્ડ નં. ૭ના કોર્પોરેટર હિરલબેન જોષી ઉપસ્થિત રહ્યા હતાં.

## સેકટર-૬ ખાતે મેડીકલ નિદાન કેમ્પ યોજાશે

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૬ સ્થિત મીરા ભજન મંડળ અને વોર્ડ નં. ૭ના કોર્પોરેટરના સહયોગથી આગામી તા. ૮મી જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન મેડીકલ નિદાન કેમ્પનું આયોજન સે-૬ પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ઓર્થોપેડીક, ફિઝીયોથેરાપી, ડેન્ટીસ્ટ અને આયુર્વેદિક ડૉકટર દ્વારા જરુરી ચેકઅપ બાદ માર્ગદર્શન આપવામાં આવશે. મેડીકલ નિદાન કેમ્પ સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે. જેથી સર્વે નગરજનોને લાભ લેવા કોર્પોરેટર દ્વારા અનુરોધ કરાયો છે.

### @ગાંધીનગર

● સે-૬-બી પ્લોટ નં. ૬૧૧/૨ પાસે રાત્રે ૮.૦૦ કલાકે મહેન્દ્રસિંહ વાઘેલાના યજમાન પદે ભજન સંધ્યા કાન્તિભાઈ યોગીના સ્વરે યોજાશે.

● શ્રીમદ્ ભાવગત કથા સે-૩-સી નવરાત્રી ચોક ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમદ્ ભાવગત કથા સે-૩-ન્યુ પ્લોટ નં. ૨૦૬, બગીચાની પાછળ, આરટીઓ ચોક ખાતે નિતિનભાઈ શાસ્ત્રીની વ્યાસપીઠે રાત્રે ૮ થી ૧૧ દરમિયાન યોજાશે.

● હરસિધ્ધિ સિધ્ધી પીઠ સે-૩-ડી ખાતે આયોજીત શ્રીમદ ભાગવત કથામાં બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ગોવર્ધન લીલા યોજાશે.



તાજેતરમાં ઉપલેટા ખાતે યોજાયેલ રાજયકક્ષાની માસ્ટર એથ્લેટીકસ સ્પર્ધામાં ૭૦ વર્ષની વય જૂથમાં ૨૦૦ મી. દોડમાં અને ગોળાફેંકમાં પ્રથમ નંબરે ગોલ્ડ મેડલ અને ૧૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ મેળવનાર નિવૃત્ત આચાર્ય અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષિકા ઈન્દુમતીબેન નિમાવતનું વોર્ડ નં. ૭ના કોર્પોરેટરો હિરલ જોષી, જયરાજસિંહ, રાકેશ પટેલ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના મહિલા પાંખના કલ્પનાબેન ધોળુ ધાધલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## પેથાપુરમાં પોસ્ટમેનની જગ્યા કયારે ભરાશે...?

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર નજીક આવેલ પેથાપુર ગામમાં વર્ષોથી પોસ્ટમેનની જગ્યા ખાલી છે . પેથાપુર ગામમાં અંદાજીત ૧૦ હજારથી વધુ નાગરીકો વસવાટ કરે છે. ત્યારે પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન માત્ર એક જ હોવાથી ગ્રામવાસીઓની ટપાલો દિવસો વિત્યા બાદ મળે છે. જયારે પોસ્ટઓફિસમાં ટપાલોના કોથળે કોથળા જોવા મળે છે. આ પરિસ્થિતમાં પેથાપુરના એક નાગરીકને ટપાલને પગલે લાખો રૂપીયાનું નુકશાન વેઠવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. ત્યારે પેથાપુરવાસીઓમાં કાયમી પોસ્ટમેનની જગ્યા ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

પેથાપુરમાં પોસ્ટમેનની જગ્યા ખાલી હોવાથી ટપાલ સેવામાં અનિયમિતતા જોવા મળે છે. જેથી પેથાપુરના કસબા વિસ્તારમાં રહેતા મોહંમદ ઈસ્માઈલ પઠાણ ઈસ્મત અન્જીનિયરીંગ વર્કસ નામે એક ટપાલ તા.૮ ના રોજ પેથાપુર પોસ્ટ ઓફિસ ખાતે આવી હતી. આ ટપાલ જે તે વ્યકિતને ટપાલ તા. ૨૧ ના રોજ મળી હતી. આ ટપાલમાં ટેન્ડરની ડિપોઝીટ ભરવાનું જણાવાયું હતું પરંતુ ટપાલ છેલ્લા દિવસે મળતા મહામુસીબતે ડિપોઝીટ જમા કરાવી હતી. આ ટેન્ડર લાખો રૂપીયાનું હતું. જો બે દિવસ ટપાલ મોડી પહોંચી હોત તો લાખો રૂપીયાનું નુકસાન વેઠવાનો વારો આ નાગરીકને આવ્યો હતો. આવી સ્થિતિ પેથાપુરમાં રહેતા યુવાનોની પણ છે. જેમાં જે તે સ્પર્ધાત્મક પરિક્ષાના કોલ લેટર કે અન્ય નોકરીના કાગળો નિયત સમયે ના મળતા મોટું નુકસાન વેઠવાનો વારો આવે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ઉલ્લેખનીય છે કે ટપાલ મોડી પહોંચી તે વ્યકિતની ટપાલ દુરથી નહી પરંતુ પેથાપુરની સીમમાં આવેલ જીઈબીમાંથી આવી હતી અને ટપાલને સરનામે પહોચતા પેથાપુરમાં જ ૧૩ દિવસનો સમય થયો હતો. આટલી ઘોર બેદરકારી પોસ્ટવિભાગની સામે આવી છે. ત્યારે પોસ્ટવિભાગ દ્વારા કાયમી પોસ્ટમેનની ભરતી કરવામાં આવે તેવી માંગ નાગરીકો કરી રહ્યા છે.

# સ્પર્ધાત્મક પરિક્ષાની અકેડમીમાં લાખો કમાતા સરકારી કર્મચારીઓ

## પાટનગરમાં અંદાજીત નાની-મોટી ૮૪ જેટલી અકેડમીઓ : સરકારી નોકરી કરતા નાયબ સેકશન અધિકારીઓ તથા વર્ગ-૧ અને ૨ના કર્મચારીઓ એક-બે કલાકના લેકચર દીઠ વસુલતા રૂ.૪ થી ૭ હજાર

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં બિન્દાસ બનેલા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો-કલાસીસો ચાલવતા સરકારી બાબુઓનો મોટો રાફડો ફાટ્યો છે. ખોબા જેવડા ગાંધીનગરમાં અંદાજે નાની-મોટી ૮૪ જેટલી અકેડમી ધમધમે છે. જેમાં ૬૦ ટકા જેટલી અકેડમી તો ખુદ સચિવાલયમાં ફરજ બજાવતા નવા-નવા નાયબ સેકસન અધિકારીઓ તેમજ શિક્ષણ વિભાગના નેજા હેઠળ કાર્યરત શાળાના શિક્ષકો તેમજ તલાટીઓ ચલાવે છે. આ અકેડમી દ્વારા આ બાબુઓ વાર્ષિક રૂ.૨૦ થી ૨૫ લાખની કમાણી કરે છે. જયારે અકેડમીમાં ફેકલ્ટી તરીકે આવતા વિવિધ વિભાગોમાં કાર્યરત સરકારી ઉચ્ચ અધિકારીઓ ૨ કલાકના લેકચર દીઠ રૂ.૪ થી ૭ હજારની અધધ ફી વસુલે છે. પોતાના પગાર કરતા બે ગણા રૂપીયા ફેકલ્ટીઓ લેકચર આપીને કમાય છે. તેમ છતા આવા અધિકારીઓ કે કર્મચારીઓ સામે પોતાની કચેરી કે સંબંધિત કચેરી દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી આવા કર્મચારીઓને સંબંધિત વિભાગના અધિકારીઓનું સમર્થન મળે છે કે શું..?

ખુલ્લેઆમ ઠેર-ઠેર સ્પર્ધાત્મક પરીક્ષાઓની હાટડીઓ ખોલીને બેઠેલા આવા કર્મચારીઓ સામે રાજયના સામાન્ય વહીવટી વિભાગના અગ્ર સચિવ કક્ષાએથી તુરંત તપાસ કરવામાં આવે અને દોષિત કર્મચારીઓ કે અધિકારીઓ સામે કડકમાં કડક પગલા લઈ તેમને સસ્પેન્ડ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

રાજય સરકાર દ્વારા વાર્ષિક ભરતી કેલેન્ડર મુજબ મોટાપાયે સરકારી નોકરી માટે ભરતીઓ બહાર પાડવામાં આવી રહી છે. ગાંધીનગર શહેરમાંથી જ વિવિધ પરીક્ષાઓની માટે સંબંધિત બોર્ડ-નિગમ દ્વારા સ્પર્ધાત્મક પરિક્ષાનું આયોજન કરવામાં આવે છે. પરિણામે પાટનગર ગાંધીનગરમાં હાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું હબ બની જવા પામ્યું છે. જેથી આખા રાજયમાં સૌથી વધારે એકેડમીઓ અહીં ધમધમે છે. અંદાજીત ખોબા જેટલા ગાંધીનગર શહેરમાં ૮૦ જેટલી નાની મોટી એકેડમી આવેલી છે. આ એકેડમી પૈકી નાની એક એકેડમીમાં ઓછામાં ઓછા ૧૦૦ જેટલા અને મોટી એકેડમીમાં ૫૦૦ થી વધુ બેરોજગાર યુવાનો રોજ ભણવા માટે આવે છે.

ગાંધીનગરમાં આવેલી ૮૦ જેટલી એકેડમીમાંથી ૬૦ ટકા એકેડમી તો સચિવાલયમાં ફરજ બજાવતા નાયબ સેકશન અધિકારીઓ, જિલ્લામાં કાર્યરત નાયબ મામલતદાર, શિક્ષણ વિભાગ હેઠળની શાળાના શિક્ષકો તથા તલાટીઓની છે. જયારે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ અને કર્મચારીઓ સંચાલકો પણ છે. જયારે આ તમામ એકેડમીમાં લેકચર લેવા આવતા ફેકલ્ટીઓ પણ મોટે ભાગે સરકારી કર્મચારીઓ જ હોય છે. આવા કર્મચારીઓ બિન્દાસપણે લેકચર લે છે અને ૨ કલાકના રૂ.૪ થી ૭ હજારની તોંતિંગ ફી વસુલી તગડી કમાણી કરે છે. તો કેટલાક કર્મચારી-અધિકારીઓ ઓફિસ ટાઈમ પહેલા બપોરની રિષેસમાં અને ઓફિસ ટાઈમ પછી ઉપરા ઉપરી લેકચરો લઈ પોતાના મુળ પગાર કરતા પણ બે થી ત્રણ ગણા રૂપીયા કમાય છે. તો કેટલાક શાણા કર્મચારીઓ તો એકેડમીમાં રીતસરની પાર્ટનરશીપ જ ધરાવે છે.

આ ઉપરાંત નાયબ સેકશન અધિકારી, મામલતદાર સહિતના વિભાગોમાં થોડા સમય અગાઉ જ પાસ થયેલા ટોપર્સ પણ પોતાની એકેડમી ખોલીને બેઠા છે. નગરમાં મોટા મોટા બોર્ડ અને ન્યુઝપેપરમાં જાહેરાત આપી એકેડમી ચલાવી પોતાની એકેડમીનો પ્રચાર અને પ્રસાર કરી રહ્યા છે. સરકારના નિતી-નિયમોને નેવે મુકીને કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વિના સ્પર્ધાત્મક પરીક્ષાના બજારમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યા છે.

ખુલ્લેઆમ એકેડમી ચલાવતા અને લેક્ચર લેતા સરકારી બાબુઓને સંબંધિત વિભાગ તરફથી પણ પુરતુ સમર્થન મળી રહ્યું હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. કેટલાક કર્મચારીઓ તો ભરતીની સિઝન આવતા જ યેનકેન પ્રકારે અધિકારીઓને બ્હાના બતાવી રજા પર ઉતરી જાય છે અને આખો દિવસ વિવિધ એકેડમીમાં લેકચર લેવા જાય છે. તેમ છતાં વિભાગકક્ષાએથી આવા કર્મચારીઓ સામે કયારે તપાસ કરવામાં આવતી નથી. તો ફેકલ્ટી અને એકેડમી ચલાવતા સરકારી કર્મચારીઓ તથા શહેરની નામાંકિત એકેડમી ચલાવતા સંચાલકો વિવિધ વિષયોની મુળ પુસ્તકોમાંથી થોડા ઘણા બદલાવ કરી આખે આખી પુસ્તકો ફરી ટાઈપ કરાવી પોતે લેખક તરીકે નામ પ્રસ્થાપિત કરી અસંખ્ય ભુલો ભરેલા સાહિત્યો અને પુસ્તકો બજારમાં મુકી તગડી કમાણી કરે છે અને ભાવિ પેઢીના ઉમેદવારોની જીંદગી સાથે ચેડા કરી રહ્યા છે. ત્યારે આવા કલાસીસ એકેડમી ચલાવતા કર્મચારીઓ સામે સામાન્ય વહીવટી વિભાગ દ્વારા તુરંત કાર્યવાહી કરીને તપાસ હાથ ધરવામાં આવે તેમજ સંબંધિત અધિકારી- કર્મચારીઓ સામે કડકમાં કડક પગલા લેવામાં આવે અને તેમને નોકરીમાંથી બરતરફ કરવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠવા પામી છે.

**થોડા સમય અગાઉ નાયબ સેકશન અધિકારીની પરીક્ષામાં ઉર્તીણ થનાર ટોપર્સ પણ ખુલ્લેઆમ પોતાની અકેડમી ચલાવે છે. તે પણ સરકારના નિતિ-નિયમોનો કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર....**

**શહેરની નામાંકિત એકેડમીના સંચાલકો પોતાની પબ્લીકેશનના નામે અસંખ્ય ભુલો ભરેલી ૧૦ થી ૧૫ પુસ્તકો કોઈપણ જાતના પ્રુફરીડીંગ કર્યા વગર રૂપીયાની લાલચમાં બજારમાં મુકીને ભાવિ યુવાનોની જીંદગી સાથે ચેડા કરી રહ્યા છે. આ પુસ્તકો જે તે વિષયના મૂળભૂત પુસ્તકોમાંથી થોડા ઘણા ફેરફાર કરીને ટાઈપ કરી બજારમાં મુકી દે છે.**

**શહેરની શાળાના શિક્ષકો, પ્રિન્સીપલ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવતી એકેડમીમાં પાર્ટનરશીપ ધરાવે છે અને પોતે લેક્ચર દીઠ ૩૦૦૦ થી ૫૦૦૦ રૂપીયા લે છે.**

## સે-૩ ખાતે યોજાયેલ હોમાત્મક સહસ્ત્ર ચંડી મહાયાગમાં શ્રી યંત્ર બુકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે આવેલ હરસિધ્ધી સિધ્ધી પીઠના ત્રીજા પાટોત્સવની ઉજવણી પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યા છે. જેમાં અત્યારે હાલ પૂજ્ય આત્માનંદપુરીજી મહારાજ ભકતોને શ્રીમદ ભાગવત કથા નું રસપાન કરાવી રહ્યા છે. જેમાં




ભકતોને ગુરુનું મહત્વ, સાધનાનું મહત્વ તથા રામ ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું હતું. કથા શ્રવણ માટે રોજ હજ્જારો ભકતો આવે છે. ત્યારે ગતરોજ કથા દરમિયાન વિશ્વાસભાઈ જાની હાથે લખાયેલ શ્રી યંત્ર બુકનું વિમોચન પૂજ્ય આત્માનંદપુરી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.આ બુક ગુજરાતી ભાષા છે જેમાં શ્રી યંત્રની પૂજા કઈ રીતે કરવી તેની વિસ્તારથી સમજણ આપવામાં આવી છે. જયારે હોમાત્મક સહસ્ત્રચંડી મહાયાગમાં ૧,૮૦,૦૦૦ મંત્રોનો હોમ પૂર્ણ થયો છે. જયારે ૬૦ ભુદેવો દ્વારા સતત ચંડીપાઠનો હોમ કરવામાં આવી રહ્યો છે. આ ઉજવણી પ્રસંગે આગામી દિવસોમાં સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્મો યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. ચંદુજી અમરજી ડાભી, ઉ.વ. ૪૫
- સ્વ. રમેશજી પૂંજાજી સોલંકી, ઉ.વ. ૬૫